### સર્જરી વિભાગના રેસિડેન્ટની નનામી ફરિયાદ બાદ તંત્ર હરકતમાં આવ્યું

# સિવિલમાં રેગિંગની નનામી ફરિયાદથી ખળભળાટ

**મોડી** રાત સુધી એન્ટી રેગિંગ કમિટીની બેઠક ચાલી

**ડ્યુટી** શિડ્યુલ, ડ્યુટી ઓફ અને કામના વિતરણ અંગે રજૂઆત

સુરત : નવી સિવિલ હોસ્પિટલમાં માઈક્રોબાયોલોજી વિભાગના રેસિડેન્ટ ડો. હર્ષ પંડ્યાના આપઘાત બાદ રેગિંગના ગંભીર મુદ્દે સર્જરી વિભાગના એક રેસિડેન્ટ ડોક્ટર દ્વારા કરવામાં આવેલી નનામી ફરિયાદને પગલે હોસ્પિટલ તંત્રમાં ફરી એકવાર દોડધામ મચી ગઈ છે. ડીન ઓફિસમાં બે દિવસ અગાઉ મળેલી આ ફરિયાદમાં રેસિડેન્ટ ડોક્ટરોના ડ્યુટી શિડ્યૂલ, ડ્યુટી બાદ મળતી ઓફ અને કામના વિતરણ સહિતના મુદ્દાઓ અંગે રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ફરિયાદ નનામી હોવાથી શરૂઆતમાં ફરિયાદકર્તા અંગે કોઈ વિગતો સામે આવી નહોતી.

મળતી માહિતી મુજબ, તા. 27ના રોજ સાંજે આશરે 5.10 વાગ્યે ડીન ઓફિસમાં સર્જરી વિભાગને લગતી નનામી ફરિયાદ મળી હતી. ફરિયાદમાં મુખ્યત્વે રેસિડેન્ટ ડોક્ટરોના ડ્યુટી શિડ્યૂલ અને ડ્યુટી બાદ મળતી ઓફ અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. ફરિયાદ મળ્યા બાદ હોસ્પિટલ તંત્રએ તેને સામાન્ય વહીવટી રજૂઆત ગણીને પડતી મૂકી નહોતી. ફરિયાદમાં કોઈ પ્રકારની હેરાનગતિ, દબાણ અથવા સિનિયર દ્વારા રેસિડેન્ટને મુશ્કેલી પહોંચાડવામાં આવી રહી છે કે કેમ તે જાણવા માટે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

#### મોડી રાત સુધી બેઠકો અને ચર્ચાનો દોર

ફરિયાદની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સર્જરી વિભાગ અને એન્ટી રેગિંગ કમિટીની કાર્યવાહી મોડી રાત સુધી ચાલી હોવાનું જાણવા મળ્યું છે. તંત્ર દ્વારા ફરિયાદના દરેક મુદ્દાની સમીક્ષા કરવામાં આવી હતી. હોસ્પિટલ તંત્રએ ફરિયાદને માત્ર એક વ્યક્તિગત ફરિયાદ તરીકે નહીં પરંતુ રેસિડેન્ટ ડોક્ટરોના કામકાજના વાતાવરણ સાથે જોડાયેલા મુદ્દા તરીકે પણ જોવાનો પ્રયાસ કર્યો હતો.

#### "રેગિંગ થયું હોવાનું પુરવાર થયું નથી" : ઇન્ચાર્જ ડીન

નવી સિવિલ હોસ્પિટલ મેડિકલ કોલેજના ઇન્ચાર્જ ડીન ડો. હરિ મેનને જણાવ્યું હતું કે, તા. 27ના રોજ સાંજે આશરે 5.10 વાગ્યે ડીન ઓફિસમાં નનામી ફરિયાદ મળ્યા બાદ તાત્કાલિક સર્જરી વિભાગની બેઠક યોજવામાં આવી હતી. ત્યારબાદ એન્ટી રેગિંગ કમિટીની બેઠક બોલાવી ફરિયાદમાં કરવામાં આવેલી રજૂઆતો અંગે ચર્ચા અને તપાસ કર્યા બાદ હાલના તબક્કે ફરિયાદમાં રેગિંગ થયું હોવાનું પુરવાર થયું નથી, તેમ ઇન્ચાર્જ ડીને સ્પષ્ટ કર્યું હતું.

#### રેસિડેન્ટ ડોક્ટરની આ જવાબદારીને કામનું વિવરણ કહેવાય છે

| કામ | સામાન્ય જવાબદારી |
|---|---|
| OPD | દર્દીઓની તપાસ, કેસ હિસ્ટ્રી, પ્રાથમિક સારવાર |
| વોર્ડ | દાખલ દર્દીઓની દૈનિક તપાસ અને સારવાર |
| ઈમર્જન્સી | તાત્કાલિક દર્દીઓનું મૂલ્યાંકન અને સારવાર |
| ICU | ગંભીર દર્દીઓની સતત દેખરેખ |
| OT | ઓપરેશન પહેલાં/પછીની તૈયારી અને ટીમને સહાય |
| તપાસો | લેબ/રેડિયોલોજી રિપોર્ટનું અનુસરણ |
| ડોક્યુમેન્ટેશન | કેસ પેપર, પ્રોગ્રેસ નોટ, ડિસ્ચાર્જ સમરી વગેરે |
| સિનિયર રાઉન્ડ | પ્રોફેસર/કન્સલ્ટન્ટને દર્દીની માહિતી આપવી |
| શિક્ષણ | ક્લિનિકલ પ્રેઝન્ટેશન, સેમિનાર અને કેસ ડિસ્કશન |




#### એન્ટી રેગિંગ કમિટીએ પણ તપાસ હાથ ધરી

ફરિયાદમાં ડ્યુટી અને કામગીરીને લગતા મુદ્દાઓનો ઉલ્લેખ હોવા છતાં, હર્ષ પંડ્યાના આપઘાત બાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને હોસ્પિટલ તંત્રએ સમગ્ર મામલાને રેગિંગના સંદર્ભમાં પણ તપાસવાનો નિર્ણય લીધો હતો. આથી સર્જરી વિભાગની બેઠક બાદ હોસ્પિટલની એન્ટી રેગિંગ કમિટીની બેઠક પણ બોલાવવામાં આવી હતી. કમિટીએ ફરિયાદમાં કરવામાં આવેલી રજૂઆતો, રેસિડેન્ટ ડોક્ટરો વચ્ચેની કામગીરીની સ્થિતિ તેમજ સિનિયર અને જુનિયર વચ્ચેના વ્યવહાર અંગે ચર્ચા કરી હતી. ફરિયાદ પાછળ માત્ર ડ્યુટી સંબંધિત વહીવટી અસંતોષ છે કે પછી કોઈ પ્રકારનું માનસિક દબાણ, હેરાનગતિ અથવા રેગિંગ જેવી બાબત છુપાયેલી છે કે કેમ તે દિશામાં પણ તપાસ કરવામાં આવી હતી.

## ચપ્પલ કાઢવા બાબતે ઝઘડો કરી હુમલો કરનારને પાંચ વર્ષની સજા

**એમ્બ્રોઇડરી** કારખાનેદાર બાજુના કારખાનામાં નવી ડિઝાઇન જોવા જતાં કારીગરો જોડે ઝઘડો થયો હતો

સુરત : વરાછા વિસ્તારમાં વર્ષ ૨૦૧૭માં બનેલા મારામારીના કેસમાં અધિક સત્ર ન્યાયાધીશ ભાવેશ કે. અવાશીયાની કોર્ટે ચાર આરોપીઓ પૈકી એકને દોષિત ઠરાવી ૫ વર્ષની સજા ફટકારી હતી, જ્યારે બાકીના ત્રણને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુકવામાં આવ્યા હતા. વરાછા એ. કે. રોડ હરિઈચ્છા ઈન્ડસ્ટ્રીઝમા એમ્બ્રોઈડરી વર્કનું કામકાજ કરતાં જયદીપ તળશીભાઈ જસાણી બાજુમાં ખાતું ધરાવતાં કેતનભાઇના ખાતામાં નવી એમ્બ્રોઇડરી ડિઝાઇન જોવા તા. ૦૯/૦૪/૨૦૧૭ના રોજ ગયા હતા. ત્યારે ચંપલ પહેરીને ખાતામાં જતાં કારીગર આરોપી પ્રદિપ હરીશચંદ્ર ધોબીએ ચંપલ બહાર કાઢવા બાબતે બોલાચાલી કરી હતી અને આ બોલાચાલી ઉગ્ર બનતાં આરોપી પ્રદિપ ધોબી, શ્યામબાબુ મનોગીલાલ શાહુ, સૂર્યકાંત ઉર્ફે સૂર્યા પ્રેમચંદ્ર ત્રિવેદી અને ઉમાપ્રસાદ ઉર્ફે આશિષકુમાર રામપ્રસાદ પાસીએ લાકડાં અને લોખંડની પાઈપથી હૂમલો કરી માથાનાં ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. સરકાર પક્ષે એપીપી દિપેશ દવેએ દલીલ કરી હતી. જ્યારે આરોપી શ્યામબાબુ, ઉમાપ્રસાદનો બચાવ એડવોકેટ રિધ્ધેશ મોદી અને મુકુંદ રામાણીએ કર્યો હતો. તમામ પક્ષકારોની રજુઆત બાદ સેશન્સ કોર્ટે આરોપી પ્રદિપને ઈપીકો કલમ ૩૨૬માં દોષિત ઠેરવી ૫ વર્ષની સજા અને ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો જ્યારે અન્ય ત્રણેય આરોપીને છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

### કાપોદ્રામાં રક્ષાબંધને ઘરે નશામાં એસિડ પી યુવકનો આપઘાત

સુરતઃ મૂળ મહારાષ્ટ્ર નંદુરબારના વતની અને હાલ કાપોદ્રા વિસ્તારમાં આવેલી બોમ્બે કોલોનીમાં રહેતા ૩૨ વર્ષીય સૂર્યા હરિશ ગુબાલે રોલ પાલીસનું કામ કરતો હતો. તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. સૂર્યને નશો કરવાની કુટેવ હતી. ગઈકાલે બપોરે સૂર્યા રક્ષાબંધનના દિવસે નશો કરીને ઘરે આવ્યો હતો. બાદમાં નશાની હાલતમાં તેને ઘરે એસિડ પી લીધું હતું. જેથી તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન સાંજે તેનું મોત નીપજ્યું હતું.

### હજીરામાં યુવકનો ફાંસો ખાઇ આપઘાત

સુરતઃ મૂળ બિહાર શેખપુરાના વતની અને હાલ હજીરાગામમાં સુંદર નગર મનહરભાઈ પટેલના ઝુંપડામાં ૨૬ વર્ષીય સાગરકુમાર સેઆની જાતે કેવટ રહેતો હતો અને એએમએનએસ કંપનીમાં નોકરી કરતો હતો. ગઈકાલે સાંજે સાગરકુમારે ઘરે લાકડાના મોભ સાથે પ્લાસ્ટિકની પાટી વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જ્યારે માતા પુત્રને ઘરે જમવાનું ટિફિન આપવા ગઈ હતી. ત્યારે સમગ્ર ઘટનાની જાણ થઈ હતી. સાગરકુમારે કયા કારણોસર આપઘાતનું પગલું ભર્યું તે હાલ અકબંધ રહ્યું છે. આ અંગે વધુ તપાસ હજીરા પોલીસ કરી રહી છે.

### નવાગામમાં ગુરુવારી બજારમાં દાગીના સેરવતી મહિલા ઝડપાઈ

સુરતઃ અંકલેશ્વર રહેતા સુરેખાબેન આકાશભાઈ સાળુંકે (ઉં.વ.૩૨) પોતાના પતિ અને બાળકો સાથે રક્ષાબંધનનો તહેવાર મનાવવા સુરતના નવાગામ શિવાજી પાર્ક ખાતે રહેતા ભાઈ વિકાસ ગુરૂરાજ પાટીલના ઘરે આવ્યા હતા. સુરેખાબેન તેમની ભાભી નંદનીબેન સાથે ગણપતિ કૃત્રિમ તળાવ પાસે ભરાતા ગુરૂવારી બજારમાં રાખડી ખરીદવા ગયા હતા. ત્યારે નજીકમાં એક મહિલાની દીકરીના ગળામાંથી લોકેટ ગાયબ થઈ હતું. સુરેખાબેનના ગળામાંથી પણ મંગળસૂત્ર ગાયબ હતું, ત્યારે પાછળ ફરીને જોતા ભાભી નંદનીબેને નજીક ઊભેલી મહિલાને ગળામાંથી મંગળસૂત્ર કાઢતાં જોઈ લીધી હતી. ચોરીના બનાવ અંગે પોલીસેને જાણ કરતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે પારૂલબેન સાગરભાઈ સોલંકી (રહે., નાતણીયા, તા.ખાંભા, જિ.અમરેલી) નામની મહિલા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### જય શ્રી રામની ગૂંજ સાથે વિઘ્નહર્તાની ધમાકેદાર પધરામણી



ભાદરવાના આગમન સાથે જ વિઘ્નહર્તા ગણેશજીની પધરામણીની ઘડીઓ ગણાય રહી છે. જો કે ગણેશ ચતુર્થીને હજી 20 દિવસની વાર છે તેમ છતાં વ્હાલાને વહેલો લાવવા સુરતીઓમાં ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે. એ જ રીતે ભાગળ કોટ સફિલ રોડ ખાતે શ્રીરામજીના સ્વરૂપમાં વિનાયકની ધમાકેદાર પધરામણી થઈ હતી. જેની એક ઝલક માટે અનેક ભક્તો ઊમટી પડ્યા હતા. **(ત. હેમંત ડેરે)**

## ખાખીના આકાના પાવરથી બુટલેગર કાલુની અડ્ડાવાળાઓને ખુલ્લી ધમકી!

**લઠ્ઠાકાંડની** આડમાં ભાવ વધારી ૪૦ ડિગ્રીનો દારૂ પધરાવી રહ્યો છેઃ દારૂ ના લે તો 'મહા-વહીવટદાર' પાસે ધંધો બંધ કરાવવાની ધમકીથી ફફડાટ

સુરતઃ કાગળ પર 'વોન્ટેડ' કુખ્યાત બુટલેગર કમલેશ ઉર્ફે કાલુ પટેલની દાદાગીરી હવે ચરમસીમાએ પહોંચી ગઈ છે. બ્રાન્ચના મહા-વહીવટદારનો હાથ માથા પર હોવાના ગુમાનમાં કાલુ હવે શહેરના નાના-મોટા દારૂના સ્ટેન્ડ (અડ્ડા) ચલાવનારાઓ પર પણ રોફ જમાવીને જબરદસ્તી દારૂ પધરાવી રહ્યો હોવાનો સણસણતો ધડાકો થયો છે.

ભાવનગરના લઠ્ઠાકાંડની આડમાં બુટલેગર કાલુએ પોતાનો અસલી ખેલ શરૂ કર્યો છે. લઠ્ઠાકાંડ પહેલાં કાલુ ૪૫ ડિગ્રીનું દારૂનું એક પોટલું (આશરે ૪૫ લિટર) રૂ.૪ હજારમાં ભરાવતો હતો, જેનો ભાવ વધારીને રૂ.૫ હજાર કરી દીધો છે. એટલું જ નહીં, ભાવ વધારવા છતાં હલકી ગુણવત્તાનો ૪૦ ડિગ્રીનો દારૂ ઠાલવીને પીનારાઓના જીવ સાથે રમત રમી રહ્યો છે. કાલુએ તમામ દારૂના સ્ટેન્ડવાળાઓને કડક ફરમાન કર્યું છે કે, 'દારૂ તો મારી પાસે જ લેવો પડશે.' જો કોઈ સ્ટેન્ડવાળો રોજ પાંચ પોટલાં (૨૨૫ લીટર) દારૂ લેતો હોય અને બીજા દિવસે ધંધો મંદો હોવાથી પાંચની જગ્યાએ બે પોટલાં માગે, તો કાલુ દાદાગીરી કરીને પાંચે-પાંચ પોટલાં પધરાવી દે છે. જ્યારે દારૂના નાના વેપારીઓ કાલુનો હલકી ગુણવત્તાનો કે મોંઘો દારૂ લેવાની ના પાડે છે, ત્યારે કાલુ તુરંત જ પોતાનો આકા અને મુખ્ય બ્રાન્ચના 'મહા-વહીવટદાર' ગણાતા કોન્સ્ટેબલને ફોન કરીને 'તમારો અડ્ડો અને ધંધો સીધો બંધ કરાવી દઈશ' તેવી ખુલ્લી ધમકીઓ આપે છે. ખાખીના આ ભ્રષ્ટ વહીવટદાર અને પોલીસ દરોડાના ડરથી નાછૂટકે સ્ટેન્ડવાળાઓએ કાલુ પાસે જ મોંઘો અને ખરાબ દારૂ લેવા મજબૂર બનવું પડે છે. એકહથ્થુ રાક્ષસી કબજો જમાવી બેઠેલા કાલુ અને તેને પીઠબળ પૂરું પાડતા બ્રાન્ચના મહા-વહીવટદાર સામે ઉચ્ચ અધિકારીઓ ક્યારે લાલ આંખ કરશે? તે હવે જોવાનું રહે છે.

## 'તારી માએ તને કાંઈ શીખવ્યું નથી અને દહેજમાં પણ કાંઈ આપ્યું નથી'

**દહેજ** માટે પરિણીતા પર ત્રાસ ગુજારનાર પતિ સહિત સાસરિયા સામે ગુનો

સુરત : સગરામપુરા મુળશંકરની શેરી ખાતે આવેલા વૈભવી એપાર્ટમેન્ટમાં રહેતી અને પિયરમાં આશરો લઈ રહેલી રાધિકાબેન કિશન રાણા (ઉ.વ.૨૯)ના લગ્ન તા.૨૨/૦૨/૨૦૨૫ ના રોજ જીવનજ્યોત ખાતે રહેતા કિશન રાણા સાથે થયા હતા.આઠ મહિના બાદ સાસરિયાઓનો અસલી ચહેરો સામે આવ્યો હતો. સાસુ અને દિયર નાની-નાની વાતોમાં ઝઘડો કરી રાધિકાબેનને કહેતા કે, તારી માએ તને કાંઈ શીખવ્યું નથી અને દહેજમાં પણ કાંઈ આપ્યું નથી. જો કિશનના બીજા લગ્ન કરાવ્યા હોત તો સારું એવું દહેજ મળત. આટલું જ નહીં, રાધિકાબેનની માતાએ લગ્ન માટે લીધેલી લોન ભરવા રાધિકાબેન નોકરી કરી મદદ કરતા હતા, જે બાબતે પણ પતિ ઝઘડો કરી પગાર પોતાના હાથમાં આપવા દબાણ કરતો હતો. દરમિયાન રાધિકાબેન ગર્ભવતી બનતાં તબીબે આરામ કરવાની સલાહ આપી હતી. છતાં ઘરકામ કરાવતા હતા. એપ્રિલમાં પતિ તેમને પિયરે મૂકી ગયો હતો. રાધિકાબેને એક માસ પહેલાં પુત્ર 'જેનિ'ને જન્મ આપ્યો ત્યારે સાસરિયાંઓએ ડિલિવરીનો એક પણ રૂપિયો ખર્ચ આપ્યો નહોતો. તમામ ખર્ચ પીડિતાની માતાએ ઉપાડ્યો હતો. ડિલિવરી બાદ પણ પતિ તેડવા ન આવતાં અને સતત માનસિક ત્રાસ આપતાં આખરે રાધિકાબેને પોતાના પતિ કિશન રાણા, સાસુ અને દિયર વિરૂદ્ધ મહિલા પોલીસ ફરિયાદ નોંધાવી છે.

## રેગિંગ કાડમાં માઈક્રોબાયોલોજીના વડા ડો. મુલ્લાને બરતરફ કરવા માંગ

**ડો.** હર્ષ પંડ્યાના આપઘાતને પગલે નવી સિવિલમાં VHP-બજરંગ દળનો વિરોધ

**ડીન** કચેરી બહાર સૂત્રોચ્ચાર, વિદ્યાર્થીઓની મદદ માટે કાર્યકરોએ મોબાઇલ નંબર જાહેર કર્યા



સુરતઃ નવી સિવિલ હોસ્પિટલની માઈક્રોબાયોલોજી વિભાગમાં રેગિંગના આક્ષેપો બાદ જુનિયર ડોક્ટર હર્ષ પંડિયાના આપઘાતની ઘટનાને પગલે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરોએ આજે નવી સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ઉગ્ર વિરોધ નોંધાવી આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની તેમજ માઈક્રોબાયોલોજી વિભાગના વડા ડો. સુમૈયા મુલ્લાને બરતરફ કરવાની માંગ કરી હતી.

જિલ્લા કલેક્ટર સહિત સંબંધિત તંત્રને આવેદનપત્ર પાઠવી તબીબને આપઘાત કરવા મજબૂર કરનાર જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. VHP અને બજરંગ દળના કાર્યકરોએ આ સમગ્ર મામલે માત્ર વ્યક્તિગત જવાબદારી નહીં, પરંતુ વિભાગીય સ્તરે પણ જવાબદારી નક્કી કરવાની માંગણી કરી હતી. ખાસ કરીને માઈક્રોબાયોલોજી વિભાગના વડા ડો. સુમૈયા મુલ્લાની ભૂમિકા અંગે સવાલ ઉઠાવી તેમને પદ પરથી દૂર કરવાની માંગ કરવામાં આવી હતી. વિરોધ દરમિયાન કાર્યકરો ડીન ઓફિસ પાસે પહોંચ્યા હતા અને રેગિંગ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

સાથે જ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની હેરાનગતિ, રેગિંગ કે મુશ્કેલીનો સામનો કરવો પડે તો મદદ મળી રહે તે માટે કાર્યકરોએ ડીન કચેરીની બહાર પોતાના મોબાઈલ નંબર પણ જાહેર કર્યા હતા.

## રૂમમાં રમતી 1 વર્ષની બાળકી દરવાજો લોક થતાં ફસાઈ

**ફાયરબ્રિગેડે** દરવાજો તોડી બાળકીને સલામત બહાર કાઢી



સુરતઃ સિંગણપોર ગામ ખાતે ગાંધીનગર સોસાયટીના એક મકાનમાં શનિવારે સવારે રૂમમાં રમતી એક વર્ષની માસૂમ બાળકી દરવાજાની કડી બંધ થઈ જતાં રૂમમાં જ ફસાઈ ગઈ હતી.

સિંગણપોર ફાયર સ્ટેશનના સબ ફાયર ઓફિસર અક્ષય પટેલે જણાવ્યું હતું કે, રમત-રમતમાં બાળકીથી રૂમના દરવાજાની કડી બંધ થઈ ગઈ હતી અને દરવાજો લોક થઈ જતાં તે અંદર ફસાઈ ગઈ હતી. દરવાજો ન ખૂલતા બાળકી ગભરાઈને રડવા લાગી હતી. બાળકીના રડવાનો અવાજ સાંભળીને પરિવારજનોને ઘટનાની જાણ થઈ હતી. પરિવારજનોએ દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સફળતા ન મળતાં ફાયર કંટ્રોલને જાણ કરી હતી. માહિતી મળતા સિંગણપોર ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. ફાયરબ્રિગેડના જવાનોએ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રૂમનો દરવાજો તોડી નાંખ્યો હતો અને અંદર ફસાયેલી બાળકી આસ્થાને કોઈ ઈજા ન થાય તે રીતે સલામત રીતે બહાર કાઢી હતી. બાળકીને બહાર લાવી માતા પાસે સોંપતા જ તેણે રડવાનું બંધ કરી દીધું હતું. બાળકી સલામત રીતે મળી આવતાં પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## શીતળા માતાના મંદિરના રિનોવેશન મુદ્દે બબાલ થતાં મંદિરને તોડી પડાયું

**છાપરાભાઠાની** આમ્રકુંજ સોસાયટીમાં મહિલા સાથે ઝપાઝપી બાદ પતિએ મંદિરને પગ મારી તોડ્યું

**દંપતી** સામે અમરોલી પોલીસમાં ફરિયાદ

સુરતઃ છાપરાભાઠાની આમ્રકુંજ સોસાયટીમાં શીતળા માતાના મંદિરના રિનોવેશન કામને લઈને બબાલ થતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. મંદિરના નિર્માણનો વિરોધ કરી મહિલા સાથે ઝપાઝપી અને ગાળાગાળી કરવાના તેમજ તેના પતિ દ્વારા મંદિરને પગ મારી તોડવાના આક્ષેપ સાથે સોસાયટીના દંપતી સામે અમરોલી પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ગત તા.૨૬ ઓગસ્ટના રોજ બપોરે પોણા બાર વાગ્યાના અરસામાં છાપરાભાઠા ખાતે આવેલી આમ્રકુંજ સોસાયટીના રહીશો એકત્ર થઈ શીતળા માતાના મંદિરના રિનોવેશનનું કામ કરી રહ્યા હતા. દરમિયાન સોસાયટીના મકાન નં.૨૧માં રહેતા રાધેશ્યામભાઈનાં પત્ની ત્યાં આવી પહોંચ્યાં હતાં. તેમણે મંદિર પોતાના ઘર પાસે નહીં બનાવવા જણાવ્યું હતું અને પતિ ઘરે આવશે તો મંદિર તોડી નાંખશે તેમ કહી સોસાયટીના સભ્યો સાથે ગાળાગાળી કરી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. આ દરમિયાન મહિલાએ બહારથી માણસો બોલાવી 'ટાંટિયાં તોડી નાંખવાની' ધમકી આપી હોવાનો પણ આક્ષેપ છે. ત્યારબાદ સોસાયટીમાં રહેતાં લીલાબેન કોસંબીયા સાથે ઝપાઝપી કરી તેમનો હાથ ખેંચી ઢીકાપાટુનો માર માર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ઘટનાને પગલે સ્થાનિક રહીશોએ તાત્કાલિક ૧૧૨ નંબર પર ફોન કરી પોલીસને જાણ કરી હતી. પોલીસ કાફલો સ્થળ પર પહોંચે તે પહેલાં જ મહિલાના પતિ રાધેશ્યામભાઈ ત્યાં આવી પહોંચ્યા હતા. તેમણે પગ મારીને શીતળા માતાના મંદિરને નુકસાન પહોંચાડ્યું હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે.

અમરોલી પોલીસ સ્થળ પર પહોંચી હતી અને બંને પક્ષોને પોલીસ મથકે લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ સોસાયટીના પ્રમુખ જ્ઞાનેશ્વર સખારામ ઘસે તથા અન્ય રહીશોની હાજરીમાં ૬૧ વર્ષીય સુશીલાબેન નવનીતભાઈ કોસંબીયાએ રાધેશ્યામભાઈ અને તેમનાં પત્ની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. અમરોલી પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### 1.28 કરોડનું જોબવર્ક કરાવી ઠગનાર બે ઝડપાયા

સુરતઃ સરથાણાના પ્રભુદર્શન સોસાયટીમાં રહેતા અને લસકાણા ખાતે હેલી ફેશન નામે એમ્બ્રોડરીનું ખાતું ચલાવતા પ્રકાશભાઈ ગોયાણી (ઉં.વ.૩૯) નો ફેબ્રુઆરી-૨૦૨૬માં મિત્ર જિતુભાઈ મારફતે સરથાણાના સિલ્વર ચોક નજીક શિવ કેમ્પસમાં ઓનલાઈન વર્કનો ધંધો કરતાં ગૌતમ જગદીશભાઈ ડોબરીયા અને યુગ ભૂતે સાથે સંપર્ક થયો હતો. બંનેએ જોબવર્ક કરાવ્યા બાદ પ્રકાશભાઈના રૂ.૧૮.૧૧ લાખનું પેમેન્ટ અટકાવી દીધું હતું. બાદ ગોડાઉન બંધ કરી મોબાઈલ સ્વિચ ઓફ કરી ફરાર થઈ ગયા હતા. પોલીસે ઓનલાઈન વેપાર કરનાર નયન અશોકભાઈ નારોલા (પટેલ) (ઉં.વ.૨૬, રહે., શાંતિનગર સોસાયટી, નારાયણનગર ચાર રસ્તા પાસે, સિંગણપોર અને યુગ તુષારભાઈ ભૂત (પટેલ) (ઉં.વ.૨૭, રહે., ડી-૪૦૩, વ્હાઈટ હાઉસ, મોટા વરાછા)ને ઝડપી પાડ્યા છે.

## બળેવના બીજા દિવસે સુરતીઓએ સી-ફૂડની જૂની પરંપરા જાળવી

**સવારથી** જ માછલી માર્કેટમાં સુરતીલાલાઓની ભીડ, પાપલેટ, ઝીંગા અને દારો સહિતના સી-ફૂડની ખરીદી કરી



સુરતઃ સુરતીઓની આગવી ઓળખ તેમની અનોખી ખાણીપીણી અને સ્વાદના શોખથી પણ થાય છે. તહેવારની ઉજવણી હોય કે કોઈ ખાસ પ્રસંગ, સુરતી લાલાઓ પોતાની વર્ષો જૂની ખાણીપીણીની પરંપરા જાળવવામાં હંમેશા આગળ રહે છે.

બળેવના બીજા દિવસે સુરતીઓએ પોતાની પરંપરાગત રીતે સી-ફૂડની ઉજવણી કરી હતી. રક્ષાબંધનના દિવસે ધાર્મિક પરંપરા અને પૂનમ હોય બીજા દિવસે સુરતીઓએ મનપસંદ સી-ફૂડની મજા માણી હતી. તાજી માછલી ખરીદવા માટે મોટી સંખ્યામાં લોકો સવારથી જ માછલી બજારમાં ઉમટી પડ્યા હતા. બજારમાં પાપલેટ, ઝીંગા, દારો સહિત વિવિધ પ્રકારના સી-ફૂડની ખરીદી માટે ગ્રાહકોની ભીડ જોવા મળી હતી.

વહેલી સવારથી જ ગ્રાહકોની સંખ્યા વધતા માછલીના વેપારીઓમાં પણ ધમધમાટ જોવા મળ્યો હતો. તાજી માછલીની પસંદગીથી લઈને ખરીદી અને ઘરે મનપસંદ વાનગી બનાવવાની તૈયારીઓમાં સુરતીઓ વ્યસ્ત જોવા મળ્યા હતા. સુરતની ખાણીપીણીની પરંપરામાં સી-ફૂડનું આગવું સ્થાન છે. વર્ષોથી સુરતીઓ વિવિધ પ્રસંગોએ પરિવાર અને મિત્રવર્તુળ સાથે સી-ફૂડ માણતા આવ્યા છે. રક્ષાબંધનના દિવસે વેજ ભોજન ખાધા બાદ બીજા દિવસે એટલે કે બળેવના દિવસે પાપલેટ, ઝીંગા અને દારો સહિતની મનપસંદ વાનગીઓની ખરીદી કરીને સુરતીઓએ પોતાની આ જૂની પરંપરાને જીવંત રાખી છે. સુરતીઓની પસંદગી અને માંગને ધ્યાનમાં રાખીને માછલી માર્કેટના વેપારીઓએ અગાઉથી જ વિવિધ પ્રકારની માછલીઓનો મોટો સ્ટોક રાખ્યો હતો. જેમાં દારો, ચેલ્યુ, બૂમલા, પાપલેટ, ઝીંગા, મોડર સહિતની માછલીઓનો સમાવેશ થતો હતો.